## ૩૮. થરપારકર





આ ઓલાદનું નામ તેનાં ઉદ્ભવ સ્થાન રાજસ્થાન તથા પાકિસ્તાનમાં વિસ્તરેલ થરના રણ પરથી પડેલ છે. તેનાં મુખ્ય ઉદ્ભવ સ્થાન (સિંધ, પાકિસ્તાન) પરથી તેને સફેદ સિંધી, ભુખરી સિંધી અને થારી તરીકે પણ ઓળખવામાં આવે છે. થરપારકર એ ગાયની દ્વિઅર્થી અને રોગ પ્રતિકાર ક્ષમતા ધરાવતી ઓલાદ છે. આ ઓલાદ મધ્યમ બાંધાવાળી સફેદ કે રાખોડી રંગની હોય છે. ચહેરો અને પગનો ભાગ શરીરનાં બીજા ભાગો કરતા ઘાટા રંગના હોય છે. બળદમાં ગરદન, ખૂંધ અને આગલા તેમ જ પાછળનાં પગ પણ ઘાટા રંગના હોય છે. શિયાળામાં રંગ વધારે ઘાટો થઈ જાય છે. દુષ્કાળ તેમ જ ઘાસચારાની અછતનાં સમયે આ ઓલાદનાં પશુઓ નાના અને નબળા ઘાસ પર પણ તેનો નિભાવ કરી શકે છે. આ ઓલાદનાં નર પશુ કામ અર્થે સારા છે. ગરમી સહન કરવાની ક્ષમતા તેમ જ રોગ પ્રતિકારક ક્ષમતાને કારણે આ ઓલાદનાં પશુઓનો ઉપયોગ રાષ્ટ્રીય ડેરી સંશોધન સંસ્થા દ્વારા કરણ ફ્રીસ નામની ગાયની કૃત્રિમ રીતે સંકરિત ઓલાદ પેદા કરવા માટે થયેલ છે.આ ઓલાદની ગાયનું વેતરનું સરેરાશ દૂધ ઉત્પાદન ૧૭૪૯ કિલોગ્રામ હોય છે. અને સરેરાશ ફેટ ૪.૫ ટકા હોય છે.